જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૦ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૬,૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૯૩/૨૦૨૬**

બોડકદેવઃ પાવનભાઈ ભરતભાઈ લીમ્બડીયા (ઉ.વ.૪૨)(રહે.આકાશદીપ એનેક્સ શ્રેયશ ટેકરા પાસે આંબાવાડી) એ તા.૦૫/૦૬/૨૦૨૬ નારોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓગષ્ટ/૨૦૨૫ થી તા.૨૬/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભાવિન ભરતભાઈ સોની (રહે. શ્રીનંદ હાઈટ, ન્યુ મણીનગર) એ ચાંદલોડીયા ખાતે આવેલ "આરંભ વિસ્તારા" નામની સાઈટના ફલેટ વેચાણ રાખનાર સભ્યોના અલગ–અલગ ફલેટની સ્ટેમ્પ ડ્યુટી તથા વકીલ ફી ના કુલ રૂપિયા ૧૩,૧૮,૦૦૦/– રોકડ લઈ બોડકદેવ અશોક વાટીકા પાસે આવેલ "સાન્વી નિર્માણ હાઉસ" ખાતે જમા કરાવેલ નહી તેમજ ફલેટ વેચાણ રાખનાર ૫૮ સભ્યો પાસેથી અલગ–અલગ ફલેટના દસ્તાવેજ માટેની વકીલ ફી ના કુલ રૂપિયા ૧૧,૬૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૪,૭૮,૦૦૦/– જમા નહી કરાવી "સાન્વી નિર્માણ હાઉસ" સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.વાય.ચૌહાણ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૭૯૪/૨૦૨૬**

રીવરફ્રન્ટ વેસ્ટઃ પ્રેમસિંહ રાજકિશોર ચૌહાણ (ઉ.વ.૩૩)(રહે.સત્વા ગોકુલ–૦૧, કઠવાડા લેક સામે, ગોકુલ ગેલેક્ષી સામે નીકોલ) એ રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૬/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી રીવરક્રન્ટના પશ્ચિમ તરફના ભાગે ગાંધીબ્રીજની નીચે રીવરફ્રંટ વોકવે ખાતે મુકેલ AMC હસ્તકની ઈલેકિટ્રક થાંભલાની પોલ લાઈટ નંગ–૧૦ કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વખતસિંહ વાઘસિંહ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૭૯૫/૨૦૨૬**

નિકોલઃ મનમોહન ચાર રસ્તા પાસે નવી બનતી "કામધેનુ" નામની કંટ્રકશન સાઈટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા યોગેશ રામસીંગભાઈ બારીયા (ઉ.વ.૨૫)(મુળ વતન. ગામ–ગોદડી તા–ઘોઘંબા જી–પંચમહાલ) તા.૦૧/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે "કામધેનુ" સાઈટના પહેલા માળે સેંટીંગનું કામ કરતા હતા ત્યારે યોગેશનો પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ન્યુરો એક્સપર્ટ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૬/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૭૯૬/૨૦૨૬**

નારણપુરાઃ વિશાલભાઇ રાજેશભાઇ દંતાણી (ઉ.વ.૨૫)(રહે.લખુડી કો.હા.સોસાયટી, નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૬/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વૈશાલીબેન નરેશભાઇ ચલાવે છે.

દરીયાપુરઃ મયુરભાઇ કનૈયાલાલ રાજપુત (ઉ.વ.૪૩) (રહે. વચલી કોટ શેરી, કડિયાનાકા, દરિયાપુર) એ તા.૦૫/૦૬/૨૦૨૬ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

કૃષ્ણનગરઃ આકાશ અનીલભાઈ સિરસાથ (ઉ.વ.૨૯)(રહે.નીલકંઠ એપાર્ટમેન્ટ, બાપા સીતારામ ચોક નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૬/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધર્મેન્દ્રભાઈ મહાદેવભાઈ ચલાવે છે.

નારોલઃ પ્રિતમસિંહ તેજસિંહ રાજપુત (ઉ.વ.૪૯)(રહે.શ્રીજી સ્કાય ખજુરી રોડ બળીયાદેવ મંદિર સામે લાંભા નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૬૨૦૨૬ ના કલાક ૭/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી